

# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

અનુપમ મિશન, ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરે યોજિત
યોગી જયંતી શિબિરમાં 'યોગી તારા ગાવામાં ગુણગાન...'
કીર્તનનું નિરૂપણ... ૨૬ મે ૨૦૧૯

**'યોગી** *તારા ગાવામાં ગુણગાન... સદા બની જાઉં હું ગુલતાન... જીવનભર એ માગું... રે'* અહીંયાં મંદિરમાં બે સૂત્રો લખ્યાં છે. 'અનુવૃત્તિ એ જ ભક્તિ.' અને બીજું દાસત્વ – 'અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમસ્વરૂપસ્ય દાસોસ્મિ ।' આપણે જ્યારે અહીં મંદિરમાં દર્શન કરીએ ત્યારે આ શબ્દોને પણ વાંચીએ. આ શબ્દોના ભાવ સમજાવે અને અનુવૃત્તિ ક્યારે પ્રગટે ? દાસ ક્યારે થવાય ? એની વાત મહા મુક્તરાજ સાધક સંત સમ કવિરાજ પૂ. શ્રી ગોરધનભાઈ મર્ચન્ટે ૧૯૬૦ના દસકામાં બનાવેલા આ કીર્તનની કડીમાં લખેલું છે. તે સમયે યોગીબાપાના સાંનિધ્યમાં આ કીર્તન ગવાતું અમે સાંભળેલું અને પછી પણ અમે સ્વાધ્યાય તરીકે એને ગાતા રહ્યા.

આ કીર્તનની અંતિમ કડી છે એ હમણાં જ્યારે કીર્તન ગાયું ત્યારે તેના શબ્દો પકડાયા કે... *'વરતાયે તવ અનુવૃત્તિમાં, ફેર ન પડે લગારે, નિર્માની થઈ નિત રહેવાયે, દાસપણું નવ જાયે...'* આ શબ્દો નવા નથી. આપણી આ સાધના સનાતન છે. અને જ્યારે જ્યારે પ્રાર્થના કરીએ ત્યારે બધી પ્રાર્થનાઓમાં આ જ માગણી છે કે, તમે દિવ્ય અને તમારા સંબંધવાળા પણ દિવ્ય ! સમય આવ્યે સંજોગો બદલાય એટલે શબ્દપ્રયોગો બદલાય, પણ સનાતન સિદ્ધાંત તો એનો એ જ રહે છે. 'ભક્તચિંતામણિ'ની પ્રાર્થનામાં પણ એ જ વસ્તુ આવે છે અને એ જ વાત યોગીજી મહારાજે પણ મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ સમક્ષ બેસીને કરી છે. આ કીર્તનમાં યોગીબાપા પાસે પ્રાર્થનામાં આ જ માગણી છે.

*યોગી તારા સ્વરૂપમાં કદી, મનુષ્યભાવ ન આવે, લીલા તારી દિવ્ય મનાયે, સંશય કદી નવ થાયે...* આપણા માટે આ મોટામાં મોટી મુશ્કેલી છે. એ પરમ દિવ્ય શુદ્ધ અને પવિત્ર તત્ત્વ છે, પણ આપણામાં અશુદ્ધિ છે એટલે આપણે એમના વિશે અશુદ્ધિ કલ્પીએ છીએ. આપણામાં માયા છે, આપણામાં જગત છે, આપણી બુદ્ધિ સીમિત છે અને એનાથી આગળ આપણી બુદ્ધિ સ્વાર્થ સાથે જોડાયેલી છે એટલે આપણે ભગવાનને લઈને જીવતા પરમ સ્વરૂપને વિશે પણ આવો ભાવ લાવીએ છીએ.

યોગીબાપાના પ્રસંગો આપણે સાથે સાથે વાગોળીએ છીએ. દાદર મંદિરે યોગીબાપાનાં દર્શન કરવા માટે એક મારવાડી શેઠિયા આવેલા. 'સાધુ બહુત બડા, સાધુ બહુત બડા' એમ હિન્દીમાં બોલે અને યોગીબાપાનાં દર્શન કરવા માટે આવે. આ ઈ.સ. ૧૯૬૪-૬૫ના સમયની વાત છે. ત્યારે હજુ દાદર-મુંબઈ મહંત સ્વામીના હાથ નીચે જે સંતો રહેતા, એ મકાન જે સ્થિતિમાં સંસ્થાએ ખરીદેલું એ જ સ્થિતિમાં હતું. અત્યારે ભવ્ય મોટું મહાલય છે એની તો એ દિવસે કલ્પના પણ નહોતી. પણ યોગીજી મહારાજની એવી ઇચ્છા હતી કે, ઉપર ખુલ્લી અગાસી છે અને મુંબઈના કાયદા પ્રમાણે એફ.એસ.આઈ. મળે છે તો આપણે એક હૉલ બનાવીએ કે જેથી સત્સંગનું સુખ રહે. બાકી તો બધા ઓરડા જ હતા. નીચે ગ્રાઉન્ડ ફ્લૉરમાં સૅન્ટ્રલ ઍક્સાઇઝની ભાડે સરકારી ઑફિસ હતી, એને ખાલી કરાવાય એમ નહોતી. ફર્સ્ટ ફ્લૉર ઉપર મંદિર હતું, એમાં પટની મૂર્તિ પધરાવી હતી. અને બાજુમાં એક રૂમ હતી એ યોગીબાપાની ઓરડી હતી. બાકી જે એકાવન સંતો બનાવેલા અને પછી પણ બીજા જે સંતો હતા એ બધા ત્યાં રહેતા હતા. એની ઉપર એક અગાસી હતી. એ અગાસીમાં તાડપત્રી બાંધી સંતો રસોઈ કરતા અને એ રસોડાના ઇન્ચાર્જ ત્યાગવલ્લભ સ્વામી હતા. હું ત્યારે બાપાએ મને પોતાની અંગત સેવામાં રાખેલો.

જ્યારે સેવામાં હતો ત્યારે આ મેં જોયું છે, એ સ્થિતિમાં સંતોનાં દર્શન કર્યાં છે, યોગીજી મહારાજનાં દર્શન કર્યાં છે.

ત્યારે યોગીબાપાની એવી ઇચ્છા કે, આ ખુલ્લી અગાસી ઉપર હૉલ બંધાઈ જાય. ત્યારે હૉલનું બજેટ પાંચ લાખ રૂપિયા હતું, પણ પાંચ લાખ રૂપિયાની સગવડ નહોતી. યોગીબાપા દરરોજ સાંજની સભામાં ધૂન કરાવતા કે, 'કરો ધૂન કે, આપણો હૉલ બંધાઈ જાય.' અને એ દિવસોમાં આ શેઠ યોગીબાપાનાં દર્શન કરવા આવે. 'બાપા, કુછ સેવા હો તો કહેના, બાપા, કુછ સેવા હો તો કહેના.' રોજ આવીને કહે એટલે એક દિવસ બાપાએ એમને કહ્યું, 'ઠાકોરજી માટે બે અગરબત્તીનાં પડીકાં લઈ આવજો.' શેઠ તો બહુરાજી થઈ ગયા.

એકાવન યોગેશ્વરોનો યોગીબાપા જોડે બાપ-દીકરા જેવો સંબંધ મેં તો બહુ નજદીકથી જોયેલો. એ સંતો જોડે બાપા બ્રહ્માનંદ કરે અને સંતો પણ

બાપાને એવું બધું પૂછે, વાતો કરે અને બાપા એમને હસાવે. મારવાડી શેઠ ગયા પછી એક સેવકે કહ્યું, 'બાપા ! આ શેઠ છે ને એ કરોડપતિ છે. એમના ઘરે નીચે બૅઝમૅન્ટમાં નોટોના થપ્પા મારેલા છે. આ તમે હૉલ થઈ જાય તે માટે રોજ ધૂન કરાવો છો, તો તમે એમને કહો ને તો એ એકલા જ હૉલ બાંધી દે. જ્યારે તમે તો બે પડીકાં અગરબત્તીનાં માગ્યાં.'

જુઓ, સેવકો સાથે રહે છે, સેવા કરે છે, શિષ્ય છે, દીક્ષિત સાધુ છે, પણ મોટા પુરુષની ક્રિયામાં કેવો મનુષ્યભાવ આવે છે ! કે, સ્વામીને માંગતા આવડતું નથી. કયા માણસ પાસે કેટલી કૅપેસિટી છે એ પ્રમાણે માંગવું જોઈએ. જ્યારે, માંગી-માંગીને બે પડીકાં અગરબત્તીનાં માંગ્યાં.'

બાપાની પાસે પણ રોકડો જવાબ હતો ! બાપા કહે, 'એ શેઠિયા હશે, એના ઘરે નોટોના થોકડા હશે, પણ એ દિલનો ગરીબ માણસ છે. એની જિંદગીમાં એ આપવાનું શીખ્યો જ નથી. જો આપણે એની પાસે આ હૉલ બાંધવાના પૈસા માંગીએ તો કહેશે, 'સાધુ બહુત લોભી હૈ...' મારામાં મનુષ્યભાવ લાવશે.' શેઠમાં લોભ છે, એટલે તો આટલા બધા પૈસા ભેગા કર્યા છે. એમ ને એમ પૈસા થોડા કંઈ ભેગા થાય ? પણ એ શું કહેશે, 'સાધુ બડા લોભી હૈ.' અને બીજા દિવસથી એ દર્શન કરવા આવતા પણ બંધ થઈ જશે. યોગીબાપાને ખબર છે કે, આની પાસે કેટલું મંગાય, શું મંગાય ? એટલે એ બે અગરબત્તીનાં પડીકાંના ઘરાક બીજે દિવસે આવ્યા અને ખુશ થઈને કહે છે કે, 'બાપા ! અગરબત્તી લે કે આયા હૂઁ.' બાપા કહે, 'અરે, લાવો લાવો...!'

કયા જીવને કેમ જાળવવો, એની પાસે કેટલી સેવા લેવી-કરાવવી એ મોટા પુરુષ જાણતા હોય છે. 'તનકી જાણે, મનકી જાણે, જાણે ચિત્ત કી ચોરી' - એ આરપાર જોતા હોય છે. પણ, એમનો બીજા ભક્તો-મુક્તો સાથે આ જે જીવન વ્યવહાર થતો હોય એ જોઈને આપણે વિચારીએ કે, 'આ રોજ ધૂન કરાવે છે એના કરતાં હૉલ બંધાય તો ધૂન બંધ થાય.' અને ખરેખર મુંબઈના હરિભક્તોએ હૉલ બાંધ્યો.

યોગીજી મહારાજે એ હૉલનું નામકરણ કર્યું - 'યજ્ઞપુરુષ વ્યાખ્યાન ખંડ'. ત્યાં વ્યાખ્યાન થાય એટલે કે સભા ભરાય. શાસ્ત્રીજી મહારાજ હાથમાં સત્સંગીજીવનની પ્રત લઈને પારાયણ કરે છે એનું બહુ મોટું ઑઈલ પૅઈન્ટ સંતોએ એ હૉલમાં મધ્ય સ્થાને મૂક્યું. જુઓ, નામકરણમાં પણ યોગીબાપાએ અનુસંધાન પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજનું રાખ્યું અને હૉલનું નામ 'યજ્ઞપુરુષ વ્યાખ્યાન ખંડ' પાડ્યું. બસ, ગુરુ અને પ્રભુ - એ બેમાં જ તેઓ રમમાણ ! હૉલ બાંધવા જેવી નાની સરખી ક્રિયામાં પણ તેઓ એમના બ્રહ્મભાવમાં જ રહેતા હોય છે. મારા ગુરુ અને મારા પ્રભુ, તેઓ રાજી થાય એ જ અનુસંધાન ! પછી હાલવું-ચાલવું, ખાવું-પીવું, બેસવું-ઊઠવું; એ ચૈતન્યના રૂડા માટે જ તેઓ કરતા હોય છે. અને એટલે 'ભાગવત'માં વ્યાસજીએ આપણને શિક્ષણ આપ્યું કે, તેઓ કરે એ ક્રિયા ના કહેવાય, એને લીલા કહેવાય ! આપણે કરીએ એ ક્રિયા કહેવાય. આપણી માનસિકતાથી, આપણાં મૂલ્યાંકનો, આપણે મનથી માનેલાં સત્યોના આધારે આપણે જે આચરણ કર્યું એ ક્રિયા થઈ કહેવાય; જે આપણને વળગે છે અને એમાં આપણે ગુંચાયા કરીએ છીએ. જ્યારે એ જ ક્રિયા, જેને આપણે 'ક્રિયા' કહીએ છીએ - એ તેઓ કરે તો એ ક્રિયા નથી, પણ લીલા છે. અને એટલે 'ભાગવત'ની કથા થાય છે એમાં ભગવાનની લીલાનું વર્ણન થાય છે. મુનિ વ્યાસજીએ એના માટેનો બહુ સુંદર શબ્દ આપ્યો કે, એમના શરીર અને પાંચ ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા તેઓ જે કાંઈ પણ કરે છે 'એ લીલા કરે છે' એ દિવ્યભાવ થયો ! અને જ્યારે 'એ ક્રિયા કરે છે' એમ માન્યું તો એ મનુષ્યભાવ થયો.

*'યોગી તારા સ્વરૂપમાં કદી, મનુષ્યભાવ ન આવે...'* યોગીબાપામાં સ્વયં અને યોગીબાપાના સ્વરૂપે આપણને મળ્યા એવા મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ગુરુહરિ સાહેબદાદા એ યોગીબાપાનું સ્વરૂપ છે. એ ભવ્ય જે ગુણવારસો છે, એ વારસાને એમણે ધારણ કર્યો છે. સંસ્થાની મિલકતનો વારસો એમણે ધારણ કર્યો નથી, પણ યોગીબાપાનો ગુણવારસો એમણે ધારણ કર્યો છે. યોગીબાપામાં રહેલું જે પરમ બ્રહ્મનું પરમ તત્ત્વ એ એમણે આત્મસાત્ કર્યું છે એટલે તેઓ યોગીરૂપ બની ગયા, યોગી સ્વરૂપ બની ગયા ! આપણા માટે યોગીનું સ્વરૂપ માનીને જેવું આપણા હૃદયમાં યોગીજી મહારાજનું સ્થાન હતું એવું એમણે આપણા હૃદયમાં સ્થાન લીધું.

*'યોગી તારા સ્વરૂપમાં....'* એ યોગીબાપા ઉપર પણ લગાડાય અને યોગીબાપાએ કૃપા કરીને તત્ સ્વરૂપો આપણને વર્તમાનકાળે જે આપ્યાં છે, એમના ઉપર પણ લગાડાય. *'યોગી તારા સ્વરૂપમાં કદી, મનુષ્યભાવ ન આવે...'* આમાં 'કદી' શબ્દ બહુ અગત્યનો છે. ક્યાંક ક્યાંક કોઈ શબ્દ પર કવિ ભાર દે છે. અહીંયાં 'કદી' શબ્દ કહ્યો છે. કદી એટલે કોઈ દિવસ સ્વપ્નમાં પણ આવો ભૂંડો વિચાર ના આવે. આ બહુ મોટી ઉપલબ્ધિ છે, પ્રાપ્તિ છે. મનુષ્યભાવ એ બહુ મોટું પાપ છે. પણ આપણે મનુષ્ય છીએ, મનુષ્ય શરીરની મર્યાદાઓમાં આપણે જીવીએ છીએ. ભાવતું-નહિ ભાવતું, ફાવતું-નહિ ફાવતું, ગમતું-નહિ ગમતું અને વહાલું-દવલું એવાં આપણી અંદર પાર્ટિશન છે, એટલે આપણે એ જ મૂલ્યાંકનથી, એ જ તોલમાપથી આપણને મળેલા ભગવાનના પ્રગટ સ્વરૂપને પણ માપીએ છીએ. અને સ્વાભાવિક છે કે, તમારી પાસે જે કાટલાં હોય એનાથી જ તમે માલ જોખો અને સામેવાળાને આપો. એટલે આપણે જે અભિપ્રાય આપીએ છીએ, કોઈપણ વ્યક્તિ - ભક્તને માટે કે ભગવાનના સ્વરૂપને માટે આપણે જે સ્ટૅટમૅન્ટ કરીએ છીએ એ આપણે આપણાં મૂલ્યાંકનોના આધારે કરીએ છીએ. એટલે કે આપણા કાટલાંથી જોખીને આપણે માલ આપીએ છીએ.

પણ જગતના ને ભગતના કાટલાં એટલે કે વજનિયાં એ નોખાં નોખાં છે. સારંગપુરમાં મોટો દરવાજો બનાવવાની શાસ્ત્રીજી મહારાજે જે કલ્પના કરી - તે આજે તો ભવ્ય સ્મારક બની ગયું છે ! ત્યારે કોને ખબર હતી કે, સારંગપુર આવું મોટું ધામ બનશે ? જે ગામમાં રસ્તાના ઠેકાણા નહીં ત્યાં શાસ્ત્રીજી મહારાજે મંદિર બાંધીને મોટી હવેલી કરતાં પણ મોટો દરવાજો બાંધવાનો પેલા મિસ્ત્રીને કહ્યું ત્યારે એ મિસ્ત્રીની અક્કલમાં ઊતર્યું નહીં. શાસ્ત્રીજી

મહારાજ એને શું સમજાવે ? એટલે એમણે એમની ચરોતરના પાટીદારની ભાષામાં કહ્યું કે, 'નક્કી કર કે તું ગુરુ છે કે હું ગુરું છું ?' ત્યારે મિસ્ત્રી કહે, 'બાપજી ! ગુરુ તો તમે જ છો'. તો કહે, 'અમારો અગિયાર ઈંચનો ફૂટ છે. તું મિસ્ત્રી સાચો અને ગણિતના હિસાબ પ્રમાણે ૧૨ ઈંચ થાય તો જ ફૂટ કહેવાય. અગિયાર ઈંચ એટલે ફૂટમાં હજુ એક ઈંચ ઘટે, પણ અમારું માપ નોખું છે.' એ એમનું માપ નોખું, એટલે એમની એ ક્રિયા ના કહેવાય, લીલા કહેવાય.

આ બધું આપણે કથાઓમાં સાંભળ્યું છે, વાંચ્યું છે. આ બધા પ્રસંગો આપણે જાણીએ છીએ, પણ જીવન અનુભવમાં જ્યારે પ્રત્યક્ષ આવીને ઊભું રહે છે ત્યારે, 'પણ !', 'તો ?, શું ?, કેમ ?' એ પ્રશ્નો આપણને પણ ઊભા થાય છે. અને ત્યારે મોટા પુરુષની આગળ બે હાથ જોડીને ઊભા રહેવાનું, એના માટે આપણે સતત પ્રાર્થના ને એમની કૃપાની યાચના કરતા રહેવું પડે છે.

*'યોગી તારા સ્વરૂપમાં કદી...'* આમાં 'કદી'નો શબ્દપ્રયોગ બહુ જ અગત્યનો છે. અને મનુષ્યભાવ આવે એટલે મનુષ્યભાવ તો એવો છે કે, ભગવાનના ભક્તમાં આવે તો પછી દીક્ષિત સાધુમાં પણ આવે, એને દીક્ષા આપનારા ભગવાનના પ્રગટ સ્વરૂપમાં આવે અને એ સ્વરૂપે જે મૂર્તિ સાથે આપણને જોડ્યા છે એ ભગવાનને વિષે પણ આવે; એટલે એ કુટુંબે સહિત આવે છે. આખું ફેમિલિ છે. જેમ દોષનું ફેમિલી છે એમ આ મનુષ્યભાવ પણ ઉત્તરોત્તર વધતો જાય છે. એમાંથી પછી અભાવ આવે છે, પછી નિંદા ને ખટપટ ને છેલ્લે તો દ્રોહ થવા માંડે છે. આ બધાં લેવલ છે. અને જ્યારે ભગવાન અને ભગવાનના ભક્તનો દ્રોહ કોઈ કરે ત્યારે ભગવાન એમ કહે છે કે, 'ગમે એટલી દયા કરવી હોય, કરુણા કરવી હોય, કલ્યાણ કરવું હોય, મોક્ષનો અધિકારી બનાવવો હોય પણ ભગવાન ને ભગવાનના ભક્તના દ્રોહમાં પડ્યો એટલે અમારા હાથ બંધાઈ જાય છે.' એ જડ થઈ જાય, એને પર્વતનો દેહ મળે - એવા બધા શબ્દપ્રયોગ પણ 'વચનામૃત'માં કર્યા છે.

મનુષ્યભાવમાંથી ક્રમે ક્રમે ક્રમે આગળ આગળ વધતો છેક દ્રોહ સુધી પહોંચે છે. એટલે યોગીબાપાની વાણીમાં તો 'એ રાસ્તા જ બંધ !' તમારે બીજું જે કરવું હોય તે કરો. તમારાથી વ્રત નહીં થાય, તપ નહીં થાય, ઉપવાસ નહીં થાય, માળા નહીં થાય, જપ નહીં થાય તો વાંધો નહીં, પણ આ અભાવ, અવગુણ, ખટપટ, નિંદા ને માથાકૂટમાં ના પડશો.

આ વખતે સાહેબદાદાએ ગ્રીષ્મ શિબિરના યુવાનો-કિશોરોને પણ આના ઉપર બહુ ભાર મૂકીને કહ્યું કે, 'અભાવ, અવગુણ, ખટપટ, નિંદા કરવી નહીં, સાંભળવી નહીં, પોતાની હાજરીમાં ચલાવી લેવી નહીં.' આપણને બ્રહ્મતત્ત્વની જે પ્રાપ્તિ થઈ છે, તો આપણી પ્રતિભા પણ એવી હોવી જોઈએ કે, આપણી હાજરીમાં કોઈ અભાવ, અવગુણ, ખટપટ, નિંદા, ઘસારાની મોળી વાત કરવાની હિંમત જ ના કરી શકે. ત્યારે આપણે ખરેખરા નિષ્ઠાવાન હરિભક્ત કહેવાઈએ.

કરવી નહીં ને સાંભળવી નહીં ત્યાં સુધી તો ચાલે છે, પણ ચલાવી લઈએ છીએ એમાં પણ આપણે પાપમાં સરખા ભાગીદાર થઈએ છીએ. અને 'વચનામૃત'માં શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ એમ કહ્યું છે કે, 'ત્યાં આગળ આપણે દબાવું નહીં, આપણે સિંહ થવું, સિંહગર્જના કરવી કે, ખબરદાર જો આવી વાત કરી છે તો !' પછી આપણી પણ સત્સંગમાં, સમાજમાં, પરિવારમાં એક છાપ પડી જશે કે, આની આગળ મોળી વાત કરાશે નહીં. અને આપણે બહુ મોટા પાપથી બચી જઈશું. પણ ત્યારે આપણે સારા ભાઈ થવા જઈએ અને એની વાત સાંભળી લઈએ, ચલાવી લઈએ, ચૈતન્યોને સાચવી લેવાની વૃત્તિ દાખવીએ એમાં આપણને કેટલું મોટું નુકસાન થાય છે એની આપણને ખબર નથી. આપણે આપણી જાતને જ નુકસાન કરીએ છીએ.

આ વખતે કિશોરો-યુવાનોને સાહેબદાદાએ એમ કહ્યું કે, 'જ્યારે, જે દિવસે કોઈ મોળી વાત કરે, અભાવ, અવગુણ, ખટપટ નિંદાની વાત કરે, વાત સાંભળે તો શરીરને શિક્ષા કરવી, ઉપવાસ કરવો.' આટલા બધા આગ્રહપૂર્વક બોલતા સાહેબદાદાને આ વખતે સાંભળ્યા. અને કહ્યું કે, 'તમારી આગળ જો કોઈ એવી વાત કરતા આવે તો તેને એક લાફો લગાવી દેવો, એટલે ફરી એ જુએ કે આ ઠેકાણે વાત નહિ થાય.' અગાઉ ઘણી બધી સારી ભાષામાં વાત કરી કે, 'કોઈ આવીને આપણી આગળ આવી વાત નાખી જાય તો આપણે ડસ્ટબિન બનવું નહીં.' પણ આ વખતે તો સાહેબદાદાએ કહ્યું, 'તમારી આગળ આવી વાત કરવાની કોઈ હિંમત કરે તો ઉપાડીને એક થપ્પડ આપી દેજો, કંઈ પાપ લાગશે નહીં.' એટલા બધા પાવરથી સાહેબદાદા બોલતા હતા કે, આપણને એટલી તો ખબર પડે કે, આપણે આ ધંધા કરીએ છીએ તેમાં મોટા પુરુષ રાજી નથી, એમને ગમતું નથી.

અહીંયાં 'કદી' શબ્દ જે વાપર્યો છે, એનો અર્થ એમ કે, રોજ દિવ્યભાવમાં રહેવું, મનુષ્યભાવમાં કદી જવું નહીં.

અત્યારે આપણે જે આ ગોષ્ઠિ કરી રહ્યા છીએ એ આપણી પોતાની આધ્યાત્મિક સાધના માટેની વાત કરી રહ્યા છીએ. આપણે કોઈને સ્વરૂપ ઓળખાવી નથી દેવું, કોઈને જ્ઞાન સમજાવી નથી દેવું, મારે પોતે આ બ્રહ્મતત્ત્વને સારી રીતે જાણીને 'બ્રહ્મરૂપે રહીને પરબ્રહ્મની ઉપાસના કરતા થવું છે'-જે મૂળભૂત સિદ્ધાંત છે, જેનો સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'માં સર્વજન હિતાય ઉપદેશ આપ્યો છે.

યોગીબાપાનું આ કીર્તન ગોરધનકાકાએ એમના સમયમાં બનાવ્યું ત્યારે આવું બધું બહુ ચાલતું હતું. અમારા સમયમાં એવા જે બધા પ્રસંગો બન્યા એમાંથી અમે પસાર થયા અને અત્યારે પણ રોજેરોજ બની જ રહ્યું છેને ! ચોવીસ કલાકમાં રોજ બનતા નાના-મોટા પ્રસંગોમાં ગુણ જોવો ને મહિમા સમજવો - આ ગણિતને પાકું કરતા જઈએ એટલો મનુષ્યભાવ ઓછો થતો જાય અને દિવ્યભાવ વધતો જાય, એટલો દેહભાવ ઓછો થતો જાય, હઠ, માન ને ઈર્ષ્યા ઓછાં થતાં જાય. ભગવાન ને ભક્તોનો મહિમા અને મહિમાથી થતી સેવા એ જ એકમાત્ર સાધન છે. હઠ, માન ઈર્ષ્યા જીતવા અને સંપ, સુહૃદભાવ ને એકતા રાખવા માટેનું આ એક જ સાધન છે.

*યોગી તારા સ્વરૂપમાં કદી, મનુષ્યભાવ ન આવે,*
*લીલા તારી દિવ્ય મનાયે, સંશય કદી નવ થાયે...*

આગળ દાખલો આપ્યો કે, યોગીબાપાએ અગરબત્તીનાં બે પડીકાં માંગ્યાં. શેઠ બહુ મોટા શેઠિયા હતા. મુંબઈમાં જશલોક હૉસ્પિટલ જતો રસ્તો છે ત્યાં જે ચોક છે, એ ચોકનું નામ આ શેઠના નામ પરથી છે. એવડા મોટા માણસ હતા. અને યોગીબાપાની આજુબાજુ રહેનારા સંતો-ભક્તો એમની આ આર્થિક મોટપને જાણતા હતા. એટલે એમને થયું કે, બાપા ! માંગો આમની પાસે, તો આપણો હૉલ બંધાઈ જાય. પણ યોગીબાપા ચૈતન્યને જોતા હોય.

'*લીલા તારી દિવ્ય મનાય...*' બાપાએ એક વખત જબરી લીલા કરી. યજ્ઞવલ્લભ સ્વામી - 'દાસસ્વામી' છે એમણે બહુ રમૂજી પ્રસંગ કહેલો. એક હરિભક્ત બાળમંડળનાં પાંચ-સાત બાળકોને લઈને યોગીબાપાનાં દર્શન કરવા આવ્યા. બાપાએ બધાંને ધબ્બા મારી આશીર્વાદ આપ્યા પછી કહે, 'અહોહો, બહુ મંડળ વધાર્યું છે !' એ બધાં ગયાં પછી એક સાધુએ કહ્યું, 'બાપા એ મંડળનાં બાળકો નથી, એ એમનાં પોતાનાં બાળકો છે.' આ સંતોને યોગીબાપા સાથે બાપ-દીકરા જેવો સંબંધ હતો, સખાભાવ હતો. નવધાભક્તિમાં 'આત્મનિવેદનમ્'માં જતાં પહેલાંની જે ભૂમિકા છે એમાં આઠમું પગથિયું આવે છે સખ્યભાવ. આવા શિક્ષિત યુવાનોને રાતોરાત બાપાએ મૂંડીને દાદર મંદિરે સાધુ બનાવીને રાખી દીધા. એટલે બધા કેવા હતા ? તો યોગીબાપાને પણ જાણપણું આપે કે, તમારે કેવું કરવું જોઈએ ? શું કરવું જોઈએ ? આમ કોઈએ બાપાને ઓળખાણ કરાવી કે, 'બાપા ! આ મંડળનાં છોકરાં નહોતાં, એમનાં ખુદનાં છોકરાં હતાં.' આ વાત યોગીબાપા નહીં જાણતા હોય ? એકબાજુ આપણે કહીએ છીએ કે, તેઓ અંતર્યામી છે, દિવ્ય છે ! પણ બાપા પણ એ યુવાન સાધુઓ સાથે ગમ્મત કરતા. તો આજે એ સાધુઓ ભગવાન ધારતા થઈ ગયા, ભગવાનનું કામ કરતા થઈ ગયા. યોગીબાપાએ શું કર્યું ? તો રમાડ્યા, જમાડ્યા, પોતાની પાંખમાં રાખીને સેવ્યા તો બધા ભગવાન ધારતા થઈ ગયા, ભગવાનનું કામ કરતા થઈ ગયા. દેશ-વિદેશ વિચરણ કરતા થયા ને અનેક જીવોને માયા પાર કરવાના માર્ગે ચલાવતા થયા. યોગીબાપાની સાથેના આવા પ્રસંગોમાં સંતોનો આ તો 'સખ્યભાવ' કહેવાય. પોતાના ગુરુ સાથે આવો સખ્યભાવ થાય તો પછી એમાંથી 'આત્મનિવેદનમ્' - સમર્પણ ભાવ થાય. 'હું પ્રભુનો ને પ્રભુ મારા, હું ગુરુનો ને ગુરુ મારા.' થાય પછી બે હાથ જોડાય છે.

'ગીતા'નો ઉપદેશ પણ આ જ કહે છે. અર્જુનને મનમાં જ્યારે જ્યારે જે જે પ્રશ્નો થયા એ એણે બહુ ખુલ્લી ને સ્પષ્ટ રીતે ભગવાનને પૂછ્યા. અને જ્યાં સુધી અર્જુનને સમાધાન ના થાય ત્યાં સુધી ભગવાને થાક્યા વગર એના જવાબ આપ્યા કર્યા. એમ ને એમ 'કરિષ્યે વચનમ્ તવ' કરીને શરણે જવાતું નથી. ભગવાન શ્રી કૃષ્ણે જ્યારે પોતાની પરમ લીલાના પરમ ભાવનું વિભૂતિ દર્શન કરાવ્યું ત્યારે તેને ખબર પડી.

ભક્ત કેવો હોવો જોઈએ ? નિષ્કપટ. 'ક્રોધ, દગા અને પ્રપંચ રહિત અમે થઈએ' એ શબ્દપ્રયોગ શાસ્ત્રીજી મહારાજની સામે બેસીને યોગીજી મહારાજે કર્યો અને આપણને પ્રાર્થના કરતાં શીખવાડ્યું છે. ભક્ત કેવો હોવો જોઈએ ? સરળ હૃદયનો - નિષ્કપટ. ભગવાનની લીલા અકળ છે. કળ હોય ને તો ચાવી લગાવો તો ખૂલી જાય. તાળું કેવી રીતે ખૂલે છે ? એની અંદર જે કળ હોય એની સાથે ચાવીના પેલા ખાંચા સૅટ થાય એટલે ખૂલી જાય. પણ આ તો અકળ ! તમે ગમે તેવી ચાવી લગાવોને તોય ખૂલે નહીં. તમારી અક્કલ, હોશિયારી, સમજદારીની વ્યાખ્યામાં જે ના બેસે એ અકળ કહેવાય. એટલે એને બહુ પવિત્ર શબ્દ - 'લીલા' કહી. મોટા પુરુષ શરીરની ક્રિયા જે કરે છે એ લીલા છે.

'*લીલા તારી દિવ્ય મનાયે, સંશય કદી નવ થાયે...*' મારી બુદ્ધિ - સંશય બુદ્ધિ છે. એ બુદ્ધિ જ્યાં સુધી દિવ્ય નથી થઈ ત્યાં સુધી તે સંશય કરે છે. એ બુદ્ધિને દિવ્ય કરવા માટેનું સાધન છે - એ બુદ્ધિનો ઉપયોગ ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા-પરિચર્યા માટે કરો. આ કામ વધારે સરળતાથી કેવી રીતે થઈ શકે ? આ કામ ઓછી મહેનતથી કેવી રીતે થઈ શકે ? આ ચીજ-વસ્તુ ઓછા ખર્ચામાં કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ? ત્યાં અક્કલ વાપરો. ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા માટે જેમ જેમ એ અક્કલ, હોશિયારી, કોઠાસૂઝ, આવડત વપરાતી જશે તેમ તેમ એ દિવ્ય થતી જશે. અને એ દિવ્ય થયેલી અક્કલને 'પ્રજ્ઞા' કહેવામાં આવે છે. પેલી બુદ્ધિ છે, જે સામાન્ય વ્યવહારમાં આચાર-વ્યવહાર શિખવાડે છે અને રોટલા કમાવી આપે છે. જ્યારે ભગવાન ને ભગવાનના ભક્તોને અર્થે વાપરેલી બુદ્ધિ દિવ્ય બને છે ત્યારે દિવ્ય બનેલી એ બુદ્ધિ માટેનો સંસ્કૃત શબ્દ છે 'પ્રજ્ઞા'.

'*સંશય કદી નવ થાયે... જીવનભર એ માગું...*' આખું જીવન માંગ્યા કરવાનું - એનો અર્થ એ થયો કે, આ પાઠ પાકો કરવામાં આખી જિંદગી વપરાઈ જવાની છે. એક દિવસની શિબિરમાં આ પાઠ પાકો થવાનો નથી. કથા કરનારાને અને સાંભળનારાને બંનેએ જીવનભર આ સ્વાધ્યાય કરતા રહેવાનું છે. સ્વાધ્યાય = સ્વ + અધ્યયન - કે કેટલી શંકાઓ ટળી ? કેટલો કુતર્ક ટળ્યો ? કેટલો મનુષ્યભાવ ઓછો થયો ? અને કેટલો મહિમા અને દિવ્યભાવ વધ્યો ? મારે મારી જાતને સતત તપાસતા રહેવું એને સ્વાધ્યાય કહેવામાં આવે છે - સ્વ-અધ્યયન.

સ્વાધ્યાય એટલે પાઠ કર્યો એને પણ સ્વાધ્યાય કહેવાય. નિયમ છે - દરરોજ એક 'વચનામૃત' વાંચવું, દસ 'સ્વામીની વાતો' વાંચવી; એ સ્વાધ્યાય છે. પણ એ વાચન હું સ્વ-અધ્યયન માટે કરું છું કે, આ ભગવાનની પરમ વાણી મારા જીવન-આચરણમાં કેટલી આવી ? એટલા માટે વાંચું છું, માહિતી પ્રાપ્ત કરવા માટે નહીં. અત્યારે ઈન્ફોર્મેશનનો જમાનો છે, તમે ગૂગલગુરુ પાસે જાવ તો દરેક સવાલના જવાબ છે. પણ એ માહિતી છે- ઈન્ફોર્મેશન છે. તો આ સ્વ-અધ્યયન માટે બહુ સુંદર સંસ્કૃત શબ્દ છે 'સ્વાધ્યાય'.

(ક્રમશઃ) ◆